**<u>તા.૦૬/૦૮/૨૦૨૨</u>**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાની બેઠક આજ તા.૦૬/૦૮/૨૦૨૨ ને શનિવારનાં રોજ બપોરનાં ૦૪=૦૦ કલાકે પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં સભાખંડમાં વર્તમાન કારોના વાયરસનાં સંક્રમણને ધ્યાને લઇ સોસીયલ ડીસ્ટન્સ જળવાય તેવી બેઠક વ્યવસ્થા સાથે મળી જેમાં નક્કી કરેલ તારીખ અને સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

| | | |
|---|---|---|
| (૧) | શ્રીમતિ ગીતાબેન એ. પટેલ | પ્રમુખશ્રી |
| (૨) | શ્રી રમેશભાઇ આર. પરમાર | ઉપપ્રમુખશ્રી |
| (૩) | શ્રીમતિ નિરલબેન પી. તળપદા | સભ્યશ્રી |
| (૪) | શ્રી નરેશકુમાર આર. તળપદા | ” |
| (૫) | શ્રી નિલેશભાઇ એસ. વાલ્મિક | ” |
| (૬) | શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણ | ” |
| (૭) | શ્રીમતિ મિનાક્ષીબેન એમ. રાઠોડ | ” |
| (૮) | શ્રી પ્રવિણભાઇ કે. પરમાર | ” |
| (૯) | શ્રીમતિ ગીતાબેન જે. પરમાર | ” |
| (૧૦) | શ્રી ભાવિન એમ. પટેલ | ” |
| (૧૧) | શ્રી જય બી. પટેલ | ” |
| (૧૨) | શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ | ” |
| (૧૩) | શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી | ” |
| (૧૪) | શ્રી રીફાકતખાન એમ. પઠાણ | ” |
| (૧૫) | શ્રીમતિ જલ્પાબેન બી. શાહ | ” |
| (૧૬) | શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ | ” |
| (૧૭) | શ્રી કેતનકુમાર સી. ગાંધી | ” |
| (૧૮) | શ્રી જીજ્ઞેશકુમાર એ. જોશી | ” |
| (૧૯) | શ્રીમતિ કાજલ કે. પટેલ | ” |
| (૨૦) | શ્રીમતિ ધરતીબેન જે. પટેલ | ” |
| (૨૧) | શ્રી સુનિલકુમાર એસ. પટેલ | ” |
| (૨૨) | શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ | ” |
| (૨૩) | શ્રીમતિ ભૌમીબેન પી. કાછીઆ | ” |
| (૨૪) | શ્રીમતિ વિશાલબેન એસ. સોની | ” |
| (૨૫) | શ્રી સાજીદભાઇ એમ. વ્હોરા | ” |
| (૨૬) | શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા | ” |
| (૨૭) | શ્રીમતિ નીદાબાનુ વી. મીરઝા | ” |
| (૨૮) | શ્રીમતિ રૂકસાર એ. મીરઝા | ” |
| (૨૯) | શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ એમ.કાજી | ” |
| (૩૦) | શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા | ” |
| (૩૧) | શ્રીમતિ કોકીલાબેન એ. તળપદા | ” |
| (૩૨) | શ્રી ભાવેશભાઇ કે. તળપદા | ” |
| (૩૩) | શ્રી અસ્લમબેગ એ. મીરઝા | ” |

આમ, ઉપર જણાવ્યા મુજબનાં સભ્યશ્રીઓની હાજરીથી આજની બેઠકનું જરૂરી કોરમ થતું હોવાથી બેઠકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. માન.પ્રમુખશ્રીએ સભાનું અધ્યક્ષ સ્થાન લેતાં બેઠકની કાર્યવાહી શરૂ કરવા અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

સૌપ્રથમ આજની કાર્યસૂચિનાં કામ નં.૧૧ કે જે પેટલાદ નગરપાલિકાની ટી.પી.સ્કીમ નં.૨ ના ફા.પ્લોટ નં.૪૪/૧ વાળી જમીન પૈકી ૧૫૦૦ ચા.મી. ની જગ્યા પ્રજાપતિ સમાજ માટે ફાળવણી કરી વેચાણ આપવા બાબતનું છે તે કામ ફેર વિચારણાં માટે હાલ પૂરતુ મુલત્વી રાખવામાં આવે છે. તે અંગેની જાહેરાત કરવામાં આવી. જેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.

૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

ત્યારબાદ સભાગૃહની પ્રણાલી મુજબ આજની બેઠકમાં અધ્યક્ષ સ્થાને રજૂ થયેલ જરૂરી વિષય તરીકેનાં કામો પૈકી કામ નં. ૧ કે જે શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબતનું કામ છે તે કામ સૌપ્રથમ હાથ ધરવામાં આવ્યું. અને શોક ઠરાવ સભાગૃહમાં વંચાણમાં લીધો.

**જ.વિ. (૧) :** પેટલાદ નગરપાલિકાનાં પૂર્વ સભ્યશ્રી કનુભાઇ રણછોડભાઇ પટેલનાં તાજેતરમાં થયેલ
**કામ નં.** દુઃખદ અવસાન બાબતે શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબત.

**ઠરાવ નં. ૩૦ / તા.૬/૮/૨૨**

**<u>શોક ઠરાવ</u>**

આથી આ શોક ઠરાવથી ઠરાવવામાં આવે છે કે,પેટલાદ નગરપાલિકાનાં પૂર્વ સભ્ય શ્રી કનુભાઇ રણછોડભાઇ પટેલનાં તાજેતરમાં દુઃખદ અવસાન થયેલ છે. તેઓએ પોતાનાં કાર્યકાળ દરમ્યાન લાકોપયોગી કાર્યો કરેલ હોવાથી અને તેમનાં સમાજમાં અગ્રણી હોવાથી તેઓ લોકપ્રિય હતાં. તેઓનાં દુઃખદ અવસાનથી તેમનાં પરિવારજનો ઉપર આકસ્મિક રીતે આવી પડેલ દુઃખ, આપત્તિ અને આઘાત સહન કરવાની પ્રભુ શકિત અર્પે તેવી ઇશ્વર પાસે પ્રાર્થના.

દિવંગત આત્માને ચિર શાંતિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના સહ શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે. આજની સભા ઘેરા શોકની લાગણી અનુભવે છે. અને બેઠકમાં ઉપસ્થિત સર્વે બે મીનીટનું મૌન પાળી, પ્રાર્થના કરી સદ્‌ગત આત્માને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

આમ, દિવંગતનાં આત્માને ઇશ્વર ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ આજની સભામાં ઉપસ્થિત સર્વેએ શ્રધ્ધાંજલિ અર્પણ કરવા પોતાનાં સ્થાને ઊભા થઇ બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું.

મૌનનો સમય પૂર્ણ થતાં અધ્યક્ષશ્રીએ આજની સભાની કાર્યવાહી શરૂ કરવા આદેશ કર્યો.

આજની બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવતાં સૌપ્રથમ અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ નીચે જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લીધી.

* <u>જરૂરી વિષયનાં કામ</u> :-

(૧) પેટલાદ નગરપાલિકાનાં પૂર્વ સભ્યશ્રી કનુભાઇ રણછોડભાઇ પટેલનાં તાજેતરમાં થયેલ દુઃખદ અવસાન બાબતે શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબત.

(૨) મ્યુનિ. સભ્ય શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલ,શ્રી આરીફખાન જે. પઠાણ તથા શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજીનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

ઉપર જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યાં.

ત્યારબાદ આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામો તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવા અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

**કામ નં. (૧) :** પેટલાદ નગરપાલિકાની ગત મળેલ સભાનાં પ્રોસીડીગને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૩૧ / તા.૬/૮/૨૨**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભા ગત તા.૨૫/૦૫/૨૦૨૨ નાં રોજ મળેલ હતી. જે ગત મળેલ સભાનાં પ્રોસીડીગને વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૨ થી માહે જૂન-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબત

**ઠરાવ નં. ૩૨ / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવેશભાઇ કે. તળપદા, શ્રી નરેશકુમાર આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૨ થી માહે જૂન-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ એપ્રિલ-૨૨ થી માહે જૂન-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩) :** શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૨ થી માહે જૂન-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબત

**ઠરાવ નં. ૩૩ / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવેશભાઇ કે. તળપદા, શ્રી જય બી. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૨ થી માહે જૂન-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૨ થી માહે જૂન-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૪) :** કારોબારી સમિતિની ભલામણ સહ ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ દ્વારા પેટલાદ નગરપાલિકાને ભારે વરસાદ અંતર્ગત ફાળવેલ રૂા.૧૫.૦૦ લાખની ગ્રાન્ટની રકમમાંથી જરૂરી કામો હાથ ધરવા બાબત.

**ઠરાવ નં. ૩૪ / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવેશભાઇ કે. તળપદા, શ્રી નરેશકુમાર આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ દ્વારા પેટલાદ નગરપાલિકાને ભારે વરસાદ અંતર્ગત ફાળવેલ રૂા.૧૫.૦૦ લાખની ગ્રાન્ટની રકમમાંથી જરૂરી કામો હાથ ધરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં અતિવૃષ્ટિ અને ભારે વરસાદને કારણે ઊભી થયેલી પરીસ્થિતિને પહોંચી વળવા અને નગરપાલિકાઓને સહાયરૂપ થવા માટે ફકત સઘન સફાઇ ઝુંબેશ કરવા, જંતુનાશક દવાનો છંટકાવ કરવા માટે, રોગચાળો અટકાવવા માટે ઘન કચરાનો નિકાલ કરવા, પીવાનાં શધ્ધ પાણીની વ્યવસ્થા કરવા, વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થા કરવા માટે નાણાંકીય સહાય પુરી પાડવાનાં શુભાશયથી સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ગાંધીનગર દ્વારા તેઓનાં દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / યુ.૨ / ભારે વરસાદ ગ્રાંટ / ૨૦૨૨-૨૩ / ૨૦૨૨ / ૧૩૪૦૯ તા.૧૩/૦૭/૨૦૨૨ થી પેટલાદ નગરપાલિકાને રૂા.૧૫.૦૦ લાખની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. સદર ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભારે વરસાદને કારણે ઊભી થયેલ પરીસ્થિતિને પહોંચી વળવા સઘન સફાઇ ઝુંબેશ કરવા, જંતુનાશક દવાનો છંટકાવ કરવા માટે, રોગચાળો અટકાવવા માટે ઘન કચરાનો નિકાલ કરવા, પીવાનાં શધ્ધ પાણીની વ્યવસ્થા કરવા, વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થા કરવા તેમજ રોડ રસ્તામાં પડેલ ખાડા પુરવા જેવી જરૂર મુજબ કરવાની થતી કામગીરી બાબતે માનનીય પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાhવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.

૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૫) :** પેટલાદ નગરપાલિકામાં કાયમી સફાઇ કામદાર તરીકેની ફરજ બજાવતાં કર્મચારી શ્રી ગોવિંદભાઇ જાદવનાં તાજેતરમાં અવસાન થયેલ હોવાથી તેઓનાં વારસદાર એ રહેમરાહે નોકરી મેળવવા કરેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૫ / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવિન. એમ. પટેલ, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં કાયમી સફાઇ કામદાર તરીકેની ફરજ બજાવતાં કર્મચારી શ્રી ગોવિંદભાઇ જાદવનાં તાજેતરમાં અવસાન થયેલ હોવાથી તેઓનાં વારસદાર એ રહેમરાહે નોકરી મેળવવા કરેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં કર્મચારી શ્રી ગોવિંદભાઇ ડાહ્યાભાઇ જાદવનું ચાલુ ફરજ દરમ્યાન તા.૨૬/૦૪/૨૦૨૨ નાં રોજ અવસાન થયેલ છે. તેથી તેમનાં વારસદાર તરીકે શ્રી પાયલબેન ગોવિંદભાઇ જાદવ એ રહેમરાહે નોકરી મેળવવા નિયમાનુસાર અરજી કરેલ છે. જેથી સરકારશ્રીનાં પ્રવર્તમાન નીતિનિયમો અને ધારાધોરણો અનુસાર સફાઇ કામદારની આવી ખાલી પડેલ જગ્યા પર રહેમરાહે નિમણૂંક આપવાની ઘટતી કાર્યવાહીને આધિન નિયુક્તિ આપી શકાય તેવી જોગવાઇ છે. મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ, વડોદરા ઝોન, વડોદરા ખાતે અત્રેનાં જા. નં.: પી.એમ.પી. / એસ્ટા./ ૯૮૯ / ૨૦૨૦-૨૧ તા.૨૮/૧૦/૨૦૨૦ થી અન્ય આવા કિસ્સામાં દરખાસ્ત કરવામાં આવતાં તેઓની કચેરીનાં જા.નં.: પ્રા.ક. / મહેકમ / વશી / ૧૮૫ / ૨૦૨૧ તા.૧૧/૦૫/૨૦૨૧ થી પાઠવેલ પત્રમાં જણાવેલ વિગતે નગરપાલિકાઓમાં સફાઇ કામદાર તરીકે ફરજ બજાવતાં સફાઇ કામદારનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર સફાઇ કામદારનાં વારસદારને વારસદાર તરીકે રહેમરાહે નિમણૂંક આપવાની યોજના મુજબ સરકારશ્રીનાં પ્રવર્તમાન પરિપત્રો અને ઠરાવો ધ્યાને લઇને નગરપાલિકા કક્ષાએ કાર્યવાહી કરવાની રહે છે. તેથી ગુજરાત સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંકઃ નપમ / ૧૨૨૦૧૭ / સી.ફા.૨૮/ આર તા.૧૮/૧૦/૨૦૧૭ નાં ઠરાવમાં જણાવેલ વિગતે પરિશિષ્ટ-૧ ની જોગવાઇઓ મુજબ કાર્યવાહી કરવાની રહે છે. તે આધારે પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારીની ફરજ બજાવતાં શ્રી ગોવિંદભાઇ ડાહ્યાભાઇ જાદવનાં વારસદાર શ્રી પાયલબેન ગોવિંદભાઇ જાદવને પરિશિષ્ટ-૧ ની જોગવાઇઓને આધિન તથા અરજદારે રજૂ કરેલ સાધનિક કાગળો અને પુરાવા ચકાસણી કરી યોગ્ય લાયકાતની પાત્રતાને આધિન તા.૦૧/૦૯/૨૦૨૨ નાં રોજથી વર્ગ-૪ ની સફાઇ કામદારની ખાલી રહેતી જગ્યાઓ પૈકી આ જગ્યાનાં ફીકસ પગારનાં સરકારશ્રીનાં ધારાધોરણો મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફીકસ પગારનાં ધોરણોથી રહેમરાહે નિમણૂંક આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ આનુસાંગિક કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છ

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૬) :** સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ ૧૫ મા નાણાંપંચની ટાઇડ તથા અનટાઇડ સદર હેઠળની ગ્રાન્ટની રકમમાંથી હાથ ધરવાનાં થતાં વિકાસનાં કામે નક્કી કરવા બાબત.

**ઠરાવ નં. ૩૬ (૧) / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવેશભાઇ કે. તળપદા, શ્રીમતિ ધરતીબેન જે. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ ૧૫ મા નાણાંપંચની ટાઇડ તથા અનટાઇડ સદર હેઠળની ગ્રાન્ટની રકમમાંથી હાથ ધરવાનાં થતાં વિકાસનાં કામે નક્કી કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીના ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં (૧) દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / યુ-૨ / ૧૫ મુ નાણાંપંચ / પ્રથમ હપ્તો (અનટાઇડ) /

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફક્ત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

૨૦૨૧-૨૨ /૧૧૬૧૮ તા.૧૭/૦૮/૨૦૨૧ થી ૧૫ મા નાણાંપંચની અનટાઇડની સામાન્ય સદરની રૂા.૪૧,૨૮,૭૧૪/- તથા એસસીએસપી સદરની રૂા.૪,૧૮,૬૮૫/- મળી કુલ **રૂા.૪૫,૪૭,૩૯૯**/- (૨) દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / યુ-૨ / ૧૫ મુ નાણાંપંચ / પ્રથમ હપ્તો (ટાઇડ ગ્રાંટ) / ૨૦૨૧-૨૨ /૨૩૩૩ તા.૨૩/૦૨/૨૦૨૨ થી ૧૫ મા નાણાંપંચની ટાઇડની સામાન્ય સદરની રૂા.૬૨,૩૦,૭૯૭/- તથા એસસીએસપી સદરની રૂા.૫,૮૬,૩૬૦/- મળી કુલ **રૂા.૬૮,૧૭,૧૫૭/-** (૩) દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / યુ-૨ /૧૫ મુ નાણાંપંચ / બીજો હપ્તો (અનટાઇડ) / ૨૦૨૧-૨૨ / ૪૭૪૭ તા.૨૯/૦૩/૨૦૨૨ થી ૧૫ મા નાણાંપંચની અનટાઇડની સામાન્ય સદરની રૂા. ૪૧,૫૨,૯૪૫/- તથા એસસીએસપી સદરની રૂા.૫,૬૮,૪૧૮/- મળી કુલ **રૂા.૪૭,૨૧,૩૬૩/-** તથા (૪) દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / યુ-૨ / ૧૫ મુ નાણાંપંચ / બીજો હપ્તો (ટાઇડ ગ્રાંટ) / ૨૦૨૧-૨૨ /૫૭૭૬ તા.૩૦/૦૩/૨૦૨૨ થી ૧૫ મા નાણાંપંચની ટાઇડની સામાન્ય સદરની રૂા.૩૯,૯૯,૩૮૬/- તથા એસસીએસપી સદરની રૂા.૧૯,૩૭,૯૨૦/- મળી કુલ **રૂા.૫૯,૩૭,૩૦૬/-** એમ બન્ને સદરની પ્રથમ તથા બીજા હપ્તાની મળી કુલ એકંદરે **રૂા.૨,૨૦,૨૩,૨૨૫/-** ની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. સદર ફાળવેલ ગ્રાન્ટ ફાળવણીની શરતો તથા ૧૫ મા નાણાંપંચની ગાઇડ લાઇન મુજબનાં કામો હાથ ધરવાનાં થાય છે. જે અંગે ચર્ચા વિચારણા કરતાં નીચે મુજબનાં કામો કરવા ઠરાવવામાં આવે છે.

સરકારશ્રીની અમૃત ૨.૦ (સ્ટેપ-૧) યોજનામાં પેટલાદ નગરપાલિકાને આઉટ ગ્રોથ તથા અન્ય વિસ્તાર બોડીકુવા વિસ્તારમાં પીવાનાં પાણીનાં કામોના કુલ રૂા.૫.૦૬ કરોડ ની સૈધ્ધાંતિક મંજુરી મળેલ છે. તથા કન્સલ્ટન્ટ દ્વારા ડી.પી.આર. બનાવી આર.સી.એમ. કચેરીમાં પ્રેઝન્ટેશન કરેલ છે. અને તે સમયે કુલ મળવાપાત્ર રૂા.૪.૫૦ કરોડની સામે રૂા.૪.૯૪ કરોડનાં અંદાજો રજૂ થયેલ છે. અને તે સમયે સક્ષમ અધિકારીશ્રીની સુચના મુજબ ખુટતી રકમ રૂા.૦.૫૦ કરોડનું આયોજન અન્ય ગ્રાન્ટમાંથી કરવાનું થાય છે.

ઉપર વર્ણવ્યા મુજબ પેટલાદ નગરપાલિકાનાં વર્ષ ૨૦૨૦-૨૧ માં ૧૫ મા નાણાંપંચની ટાઇડ સદરની કુલ રૂા.૧.૨૭ કરોડની ફાળવણી થયેલ છે. અને નાણાંપંચની ટાઇડ સદર હેઠળ પાણી પૂરવઠાનાં કામો લઇ શકાય છે. જેથી અમૃત ૨.૦ (સ્ટેપ-૧) ના કામોમાં ખુટતી રકમ રૂા.૦.૫૦ કરોડનો ખર્ચ આ ગ્રાન્ટમાંથી કરવા ઠરાવવામાં આવે છે.ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૬)** : સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ ૧૫ મા નાણાંપંચની ટાઇડ તથા અનટાઇડ સદર હેઠળની ગ્રાન્ટની રકમમાંથી હાથ ધરવાનાં થતાં વિકાસનાં કામે નક્કી કરવા બાબત.

**ઠરાવ નં. ૩૬ (૨) / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવેશભાઇ કે. તળપદા, શ્રીમતિ ધરતીબેન જે. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ ૧૫ મા નાણાંપંચની ટાઇડ તથા અનટાઇડ સદર હેઠળની ગ્રાન્ટની રકમમાંથી હાથ ધરવાનાં થતાં વિકાસનાં કામે નક્કી કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીના ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં (૧) દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / યુ-૨ / ૧૫ મુ નાણાંપંચ / પ્રથમ હપ્તો (અનટાઇડ) / ૨૦૨૧-૨૨ /૧૧૬૧૮ તા.૧૭/૦૮/૨૦૨૧ થી ૧૫ મા નાણાંપંચની અનટાઇડની સામાન્ય સદરની રૂા.૪૧,૨૮,૭૧૪/- તથા એસસીએસપી સદરની રૂા.૪,૧૮,૬૮૫/- મળી કુલ **રૂા.૪૫,૪૭,૩૯૯**/- (૨) દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / યુ-૨ / ૧૫ મુ નાણાંપંચ / પ્રથમ હપ્તો (ટાઇડ ગ્રાંટ) / ૨૦૨૧-૨૨ /૨૩૩૩ તા.૨૩/૦૨/૨૦૨૨ થી ૧૫ મા નાણાંપંચની ટાઇડની સામાન્ય સદરની રૂા.૬૨,૩૦,૭૯૭/- તથા એસસીએસપી સદરની રૂા.૫,૮૬,૩૬૦/- મળી કુલ **રૂા.૬૮,૧૭,૧૫૭/-** (૩) દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / યુ-૨ /૧૫ મુ નાણાંપંચ / બીજો હપ્તો (અનટાઇડ) / ૨૦૨૧-૨૨ / ૪૭૪૭ તા.૨૯/૦૩/૨૦૨૨ થી ૧૫ મા નાણાંપંચની અનટાઇડની સામાન્ય સદરની રૂા. ૪૧,૫૨,૯૪૫/- તથા એસસીએસપી સદરની રૂા.૫,૬૮,૪૧૮/- મળી કુલ **રૂા.૪૭,૨૧,૩૬૩/-** તથા (૪) દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / યુ-૨ / ૧૫ મુ નાણાંપંચ / બીજો હપ્તો (ટાઇડ ગ્રાંટ)

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઇપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

/ ૨૦૨૧-૨૨ /૫૭૭૬ તા.૩૦/૦૩/૨૦૨૨ થી ૧૫ મા નાણાંપંચની ટાઇડની સામાન્ય સદરની રૂા.૩૯,૯૯,૩૮૬/- તથા એસસીએસપી સદરની રૂા.૧૯,૩૭,૯૨૦/- મળી કુલ **રૂા.૫૯,૩૭,૩૦૬/-** એમ બન્ને સદરની પ્રથમ તથા બીજા હપ્તાની મળી કુલ એકંદરે **રૂા.૨,૨૦,૨૩,૨૨૫/-** ની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. સદર ફાળવેલ ગ્રાન્ટ ફાળવણીની શરતો તથા ૧૫ મા નાણાંપંચની ગાઇડ લાઇન મુજબનાં કામો હાથ ધરવાનાં થાય છે. જે અંગે ચર્ચા વિચારણા કરતાં નીચે મુજબનાં કામો કરવા ઠરાવવામાં આવે છે.

પેટલાદ નગરપાલિકામાં સ્વચ્છ ભારત મિશન અર્બન ગુજરાત અને ઘન કચરાનાં નિકાલનાં નિયમો તથા સ્ટાર રેટીગ અંગેની કરવાની થતી કામગીરી તથા પેટલાદ નગરને ગાર્બેઝ ફ્રી સીટી કરવા માટે નગરમાં ડોર ટુ ડોર ઘન કચરાનું કલેકશન, રસ્તાની સાફ સફાઇ / આરોગ્ય લક્ષી સેવાઓની કામગીરી માટે નગરપાલિકામાં ઘણો જ ખર્ચ કરવો પડે તેમ છે.

ઉપર વર્ણવ્યા મુજબ પેટલાદ નગરપાલિકાનાં વર્ષ ૨૦૨૦-૨૧ માં ૧૫ મા નાણાંપંચની ટાઇડ સદરની કુલ રૂા.૧.૨૭ કરોડની ફાળવણી થયેલ છે. અને નાણાંપંચની ટાઇડ સદર મુજબ નાણાંપંચની ટાઇડ ગ્રાન્ટની ૫૦% રકમ ઘન કચરા વ્યવસ્થાપન અને સ્ટાર રેટીગ મેળવવા માટે ખર્ચ કરવા નિર્ધારિત કરેલ છે. તે બાબત ધ્યાને લઇ ઉપરોકત વર્ણવ્યા મુજબ ૧૫ મા નાણાંપંચની સને ૨૦૨૦-૨૧ ની ટાઇડ સદર હેઠળ ફાળવેલ કુલ રકમ રૂા.૧.૨૭ કરોડનાં ૫૦% લેખે રૂા.૦.૬૫ કરોડનાં કામો પેટલાદ નગરપાલિકામાં ઉપરોકત જણાવેલ કામો કરવા માટેના ખર્ચ કરવા ઠરાવવામાં આવે છે. ઉપરાંત આગામી વર્ષોમાં જો આ સદર હેઠળ ગ્રાન્ટ ફાળવવામાં આવે તો તેનાં ૫૦% રકમનો ખર્ચ આવા કામો કરવા માટે ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૬)** : સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ ૧૫ મા નાણાંપંચની ટાઇડ તથા અનટાઇડ સદર હેઠળની ગ્રાન્ટની રકમમાંથી હાથ ધરવાનાં થતાં વિકાસનાં કામે નક્કી કરવા બાબત.

**ઠરાવ નં. ૩૬ (૩) / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવેશભાઇ કે. તળપદા, શ્રીમતિ ધરતીબેન જે. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ ૧૫ મા નાણાંપંચની ટાઇડ તથા અનટાઇડ સદર હેઠળની ગ્રાન્ટની રકમમાંથી હાથ ધરવાનાં થતાં વિકાસનાં કામે નક્કી કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીના ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં (૧) દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / યુ-૨ / ૧૫ મુ નાણાંપંચ / પ્રથમ હપ્તો (અનટાઇડ) / ૨૦૨૧-૨૨ /૧૧૬૧૮ તા.૧૭/૦૮/૨૦૨૧ થી ૧૫ મા નાણાંપંચની અનટાઇડની સામાન્ય સદરની રૂા.૪૧,૨૮,૭૧૪/- તથા એસસીએસપી સદરની રૂા.૪,૧૮,૬૮૫/- મળી કુલ **રૂા.૪૫,૪૭,૩૯૯**/- (૨) દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / યુ-૨ / ૧૫ મુ નાણાંપંચ / પ્રથમ હપ્તો (ટાઇડ ગ્રાંટ) / ૨૦૨૧-૨૨ /૨૩૩૩ તા.૨૩/૦૨/૨૦૨૨ થી ૧૫ મા નાણાંપંચની ટાઇડની સામાન્ય સદરની રૂા.૬૨,૩૦,૭૯૭/- તથા એસસીએસપી સદરની રૂા.૫,૮૬,૩૬૦/- મળી કુલ **રૂા.૬૮,૧૭,૧૫૭/-** (૩) દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / યુ-૨ /૧૫ મુ નાણાંપંચ / બીજો હપ્તો (અનટાઇડ) / ૨૦૨૧-૨૨ / ૪૭૪૭ તા.૨૯/૦૩/૨૦૨૨ થી ૧૫ મા નાણાંપંચની અનટાઇડની સામાન્ય સદરની રૂા. ૪૧,૫૨,૯૪૫/- તથા એસસીએસપી સદરની રૂા.૫,૬૮,૪૧૮/- મળી કુલ **રૂા.૪૭,૨૧,૩૬૩/-** તથા (૪) દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / યુ-૨ / ૧૫ મુ નાણાંપંચ / બીજો હપ્તો (ટાઇડ ગ્રાંટ) / ૨૦૨૧-૨૨ /૫૭૭૬ તા.૩૦/૦૩/૨૦૨૨ થી ૧૫ મા નાણાંપંચની ટાઇડની સામાન્ય સદરની રૂા.૩૯,૯૯,૩૮૬/- તથા એસસીએસપી સદરની રૂા.૧૯,૩૭,૯૨૦/- મળી કુલ **રૂા.૫૯,૩૭,૩૦૬/-** એમ બન્ને સદરની પ્રથમ તથા બીજા હપ્તાની મળી કુલ એકંદરે **રૂા.૨,૨૦,૨૩,૨૨૫/-** ની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. સદર ફાળવેલ ગ્રાન્ટ ફાળવણીની શરતો તથા ૧૫ મા નાણાંપંચની ગાઇડ લાઇન મુજબનાં કામો હાથ ધરવાનાં થાય છે. જે અંગે ચર્ચા વિચારણા કરતાં નીચે મુજબનાં કામો કરવા ઠરાવવામાં આવે છે.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

સરકારશ્રીની ૧૫ મા નાણાંપંચની અનટાઇડ સદર હેઠળની ગ્રાન્ટની ફાળવણીની શરતો તથા ૧૫ મા નાણાંપંચની ગાઇડ લાઇન મુજબનાં કામો કરવાનાં થાય છે. જે વિકાસનાં કામો નક્કી કરવાની સત્તા માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૭)** : સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને સને ૨૦૨૦-૨૧, સને ૨૧-૨૨ તથા ૨૨-૨૩ ની યુ.ડી.પી.-૮૮ હેઠળની ગ્રાન્ટની રકમમાંથી હાથ ધરવાનાં થતાં વિકાસનાં કામો નક્કી કરવા બાબત.

**ઠરાવ નં. ૩૭ (૧) / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆ, શ્રીમતિ વિશાલબેન એસ. સોનીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને સને ૨૦૨૦-૨૧, સને ૨૧-૨૨ તથા સને ૨૨-૨૩ ની યુ.ડી.પી.-૮૮ હેઠળની ગ્રાન્ટની રકમમાંથી હાથ ધરવાનાં થતાં વિકાસનાં કામો નક્કી કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીના ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / SJMMSVY (UDP-88) ત્રી.ત. / ૨૦૨૦-૨૧ /ન.પા.-આં.મા.વિ. / આ.હ. / ૨૦૨૧ / ૧૦૭૮ તા.૧૩/૦૧/૨૦૨૧ થી પેટલાદ નગરપાલિકાને યુડીપી-૮૮ હેઠળની સને ૨૦૨૦-૨૧ ની રૂા.૩.૦૦ કરોડની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. જેમાં સામાન્ય સદરનાં રૂા.૨.૦૨ કરોડ, એસ.સી.એસ.પી. સદરનાં રૂા.૦.૪૯ કરોડ તથા ટી.એ.એસ.પી. સદરનાં રૂા.૦.૪૯ કરોડ ની ફાળવણી કરેલ છે. તે પૈકી સામાન્ય સદરનાં રૂા.૨.૧૭ કરોડ તથા ટી.એ.એસ.પી. સદરનાં રૂા.૦.૪૯ કરોડનાં કામોની વહીવટી મંજુરી મળી ગયેલ છે. અને બાકી રહેતી એસ.સી.એસ.પી. સદર હેઠળની રૂા.૦.૪૯ કારોડની ગ્રાન્ટની રકમનાં કામોનું આયોજન કરવાનું થાય છે.

સદર બાબતે ચર્ચા વિચારણા કરતાં આ ગ્રાન્ટની રકમમાંથી ગ્રાન્ટની જોગવાઇ મુજબનાં કામો નક્કી કરવાનાં કામો અંગેની સત્તા માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠારાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૭)** : સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને સને ૨૦૨૦-૨૧, સને ૨૧-૨૨ તથા ૨૨-૨૩ ની યુ.ડી.પી.-૮૮ હેઠળની ગ્રાન્ટની રકમમાંથી હાથ ધરવાનાં થતાં વિકાસનાં કામો નક્કી કરવા બાબત.

**ઠરાવ નં. ૩૭ (૨) (અ) / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆ, શ્રીમતિ વિશાલબેન એસ. સોનીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને સને ૨૦૨૦-૨૧, સને ૨૧-૨૨ તથા સને ૨૨-૨૩ ની યુ.ડી.પી.-૮૮ હેઠળની ગ્રાન્ટની રકમમાંથી હાથ ધરવાનાં થતાં વિકાસનાં કામો નક્કી કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીના ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / SJMMSVY (UDP-88)/ ત્રી.ત. / ૨૦૨૧-૨૨ /ન.પા.-આં.મા.વિ. / આ.હ. / ૨૦૨૧ / ૨૦૩૨૦ તા.૨૦/૧૨/૨૦૨૧ થી પેટલાદ નગરપાલિકાને યુડીપી-૮૮ હેઠળની સને ૨૦૨૧-૨૨

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાFવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

ની રૂા.૩.૦૦ કરોડની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. જેમાં સામાન્ય સદરનાં રૂા.૧.૮૪ કરોડ, એસ.સી.એસ.પી. સદરનાં રૂા.૦.૬૨ કરોડ તથા ટી.એ.એસ.પી. સદરનાં રૂા.૦.૫૪ કરોડ ની ફાળવણી કરેલ છે.આ ગ્રાન્ટની ફાળવેલ રકમમાંથી સામાન્ય સદરનાં રૂા.૦.૫૭ કરોડનાં તથા એસ.સી.એસ.પી. સદરનાં રૂા.૦.૪૨ કરોડનાં કામોની વહીવટી મંજુરી મળેલ છે. ઉપરાંત અગાઉનાં વર્ષોની બચત રકમમાંથી નક્કી કરેલ પરમાણિયા તળાવનાં ડેવલોપમેન્ટનાં કામોમાં ખુટતી રકમ રૂા.૦.૩૫ કરોડ નાં કામો આ ગ્રાન્ટમાંથી દરખાસ્ત કરેલ છે. તેથી બાકી રહેતાં સામાન્ય સદરનાં રૂા.૦.૯૨ કરોડ, એસ.સી.એસ.પી. સદરનાં રૂા.૦.૧૯ કરોડ તથા ટી.એ.એસ.પી. સદરનાં રૂા.૦.૫૪ કરોડનાં કામો નક્કી કરવાનાં થાય છે.

સદર બાબતે ચર્ચા વિચારણા કરતાં આ ગ્રાન્ટની રકમમાંથી સામાન્ય સદરની રકમમાંથી (૧) બાવળી ઓકટ્રોય નાકા રોડ પર ફાયર સ્ટેશન બનાવવાનું કામ (૨) પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રણછોડજી મંદિર પાસે આવેલ મુખ્ય હેડ વર્કસનાં રસ્તાઓ સી.સી કરવાનું કામ (૩) બુલાખીમીલની ચાલી પાસે બગીચો બનાવવાનું કામ તથા (૪) ચાવડી બજારથી રણછોડજી મંદિર સુધી વરસાદી પાણીનાં નિકાલ માટેની સ્ટ્રોમ વોટર ડ્રેઇન બનાવવાનાં કામો કરવા નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કરાવવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠારાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૭) :** સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને સને ૨૦૨૦-૨૧, સને ૨૧-૨૨ તથા ૨૨-૨૩ ની યુ.ડી.પી.-૮૮ હેઠળની ગ્રાન્ટની રકમમાંથી હાથ ધરવાનાં થતાં વિકાસનાં કામો નક્કી કરવા બાબત.

**ઠરાવ નં. ૩૭(૨)(બ) / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆ, શ્રીમતિ વિશાલબેન એસ. સોનીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને સને ૨૦૨૦-૨૧, સને ૨૧-૨૨ તથા સને ૨૨-૨૩ ની યુ.ડી.પી.-૮૮ હેઠળની ગ્રાન્ટની રકમમાંથી હાથ ધરવાનાં થતાં વિકાસનાં કામો નક્કી કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીના ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / SJMMSVY (UDP-88)/ શ્રી.ત. / ૨૦૨૧-૨૨ /ન.પા.-આં.મા.વિ. / આ.હ. / ૨૦૨૧ / ૨૦૩૨૦ તા.૨૦/૧૨/૨૦૨૧ થી પેટલાદ નગરપાલિકાને યુડીપી-૮૮ હેઠળની સને ૨૦૨૧-૨૨ ની રૂા.૩.૦૦ કરોડની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. જેમાં સામાન્ય સદરનાં રૂા.૧.૮૪ કરોડ, એસ.સી.એસ.પી. સદરનાં રૂા.૦.૬૨ કરોડ તથા ટી.એ.એસ.પી. સદરનાં રૂા.૦.૫૪ કરોડ ની ફાળવણી કરેલ છે.આ ગ્રાન્ટની ફાળવેલ રકમમાંથી સામાન્ય સદરનાં રૂા.૦.૫૭ કરોડનાં તથા એસ.સી.એસ.પી. સદરનાં રૂા.૦.૪૨ કરોડનાં કામોની વહીવટી મંજુરી મળેલ છે. ઉપરાંત અગાઉનાં વર્ષોની બચત રકમમાંથી નક્કી કરેલ પરમાણિયા તળાવનાં ડેવલોપમેન્ટનાં કામોમાં ખુટતી રકમ રૂા.૦.૩૫ કરોડ નાં કામો આ ગ્રાન્ટમાંથી દરખાસ્ત કરેલ છે. તેથી બાકી રહેતાં સામાન્ય સદરનાં રૂા.૦.૯૨ કરોડ, એસ.સી.એસ.પી. સદરનાં રૂા.૦.૧૯ કરોડ તથા ટી.એ.એસ.પી. સદરનાં રૂા.૦.૫૪ કરોડનાં કામો નક્કી કરવાનાં થાય છે.

તેથી સદર ગ્રાન્ટ હેઠળનાં ટી.એ.એસ.પી. સદરની રૂા.૦.૧૯ કરોડનાં બાકી રહેતાં કામો નક્કી કરવા પેટલાદ નગરપાલિકાનાં માન.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠારાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાbવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.

૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૭) :** સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને સને ૨૦૨૦-૨૧, સને ૨૧-૨૨ તથા ૨૨-૨૩ ની યુ.ડી.પી.-૮૮ હેઠળની ગ્રાન્ટની રકમમાંથી હાથ ધરવાનાં થતાં વિકાસનાં કામો નક્કી કરવા બાબત.

**ઠરાવ નં. ૩૭ (૩) / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆ, શ્રીમતિ વિશાલબેન એસ. સોનીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને સને ૨૦૨૦-૨૧, સને ૨૧-૨૨ તથા સને ૨૨-૨૩ ની યુ.ડી.પી.-૮૮ હેઠળની ગ્રાન્ટની રકમમાંથી હાથ ધરવાનાં થતાં વિકાસનાં કામો નક્કી કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીના ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / SJMMSVY (UDP-88) ગ્રી.ત. / ૨૦૨૨-૨૩ /ન.પા.-આં.મા.વિ. / પ્ર.હ. / ૨૦૨૨ / ૭૪૭૪ તા.૨૬/૦૪/૨૦૨૨ થી પેટલાદ નગરપાલિકાને યુડીપી-૮૮ હેઠળની સને ૨૦૨૨-૨૩ ની રૂા.૩.૦૦ કરોડની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. જેમાં સામાન્ય સદરનાં રૂા.૧.૮૪ કરોડ, એસ.સી.એસ.પી. સદરનાં રૂા.૦.૬૨ કરોડ તથા ટી.એ.એસ.પી. સદરનાં રૂા.૦.૫૪ કરોડ ની ફાળવણી કરેલ છે.આ ગ્રાન્ટની ફાળવેલ રકમમાંથી સામાન્ય સદરનાં કુલ ૦.૮૧ કરોડનાં કામોની દરખાસ્ત તૈયાર કરી વહીવટી મંજુરી મેળવવા માટે રજૂ કરેલ છે. તેથી બાકી રહેતી સામાન્ય સદરની રૂા.૧.૦૩ કરોડની રકમનાં કામો, એસ.સી.એસ.પી. સદરનાં રૂા.૦.૬૨ કરોડ તથા ટી.એ.એસ.પી. સદરનાં રૂા.૦.૫૪ કરોડનાં કામો નક્કી કરવાનાં થાય છે. જેમાંથી સામાન્ય સદર હેઠળની ગ્રાન્ટની રકમમાંથી બોડીકુવા વિસ્તારમાં નગરપાલિકાની હદ સુધીનાં રસ્તાને કારપેટ સીલકોટ કરવાનું કામ તથા બાકી રહેતી તમામ રકમનાં કામો નક્કી કરવા પેટલાદ નગરપાલિકાનાં માન.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠારાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૮) :** સરકારશ્રી દ્વારા વિવિધ સરકારી કાર્યક્રમો યોજવા પરત્વે પેટલાદ નગરપાલિકા દ્વારા થયેલ ખર્ચ તથા આવનાર નવિન કાર્યક્રમો યોજવા અંગે થનાર ખર્ચ મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૩૮ / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી જય બી. પટેલ, શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા વિવિધ સરકારી કાર્યક્રમો યોજવા પરત્વે અંગે મળતી સુચનાઓ અન્વયે પેટલાદ નગરપાલિકા દ્વારા કરેલ ખર્ચ તથા આવનાર નવિન કાર્યક્રમો યોજવા અંગે થનાર ખર્ચ મંજુર કરવા બાબતનું કામ વંચાણમાં લીધું સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં મે. કલેકટરશ્રી, આણંદ દ્વારા તેઓની કચેરીનાં પત્ર ક્રમાંકઃ એડીએમ-૧ / વશી / ૧૫૦૮ તા.૦૪/૦૭/૨૦૨૨ નાં હુકમથી "વંદે ગુજરાત વિકાસ યાત્રા" નું આયોજન કરવા જણાવેલ હતું જે હુકકમાં જણાવેલ વિગતે પેટલાદ નગરપાલિકા દ્વારા કરવામાં આવેલ વિવિધ કામગીરી અંગે થયેલ ખર્ચ અને કરેલ કામગીરીને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર ખર્ચ સરકારશ્રી દ્વારા આ અંગે ફાળવવામાં આવનાર ગ્રાન્ટની રકમમાંથી કરવા ઠરાવવામાં આવે છે.

વધુમાં, સરકારશ્રીનાં મે.કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં પત્ર ક્રમાંક : કમિ.મ્યુનિ. / ન.પા.વ. / ૧૯૭૨ / ૨૦૨૨ તા.૧૩/૦૭/૨૦૨૨ થી "હર ઘર ત્રિરંગા" કાર્યક્રમનાં આયોજન અને અમલીકરણ કરવા જણાવેલ છે. તે આધારે પેટલાદ નગરપાલિકા દ્વારા કરવાની થતી વિવિધ કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. અને તે અંગે થનાર ખર્ચ મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

તેમજ સરકારશ્રીની સુચના અન્વયે આગામી ૧૫ મી ઓગષ્ટનાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે જિલ્લા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ પેટલાદ ખાતે યોજાનાર હોઇ તે અંગે પેટલાદ નગરપાલિકાએ કરવાની થતી વિવિધ કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. અને તે અંગે થનાર ખર્ચ મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ

વિવિધ કામગીરીઓ અંગે આગળની આનુસાંગિક નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૯) :** પેટલાદ નગરપાલિકામાં ફરજ બજાવતાં ફીકસ પગારદાર કર્મચારીઓએ તેઓનાં પગારની રકમમાં વધારો કરવા અંગે કરેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૯ / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કાજલ કે.. તળપદા, શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં ફરજ બજાવતાં ફીકસ પગારદાર કર્મચારીઓએ તેઓનાં પગારની રકમમાં વધારો કરવા અંગે કરેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં ઉચ્ચક અને ફીકસ પગારથી ફરજ બજાવતાં કર્મચારીઓને હાલમાં ચૂકવવામાં આવતાં પગારની રકમો જોતાં સમાન કામગીરીનાં અલગ-લઅગ પગાર ચૂકવવામાં આવે છે. જેથી આવા કર્મચારીઓએ તેઓનાં પગારની રકમ સમાન કામ સમાન વેતન મુજબ એક સરખાં વેતન ચૂકવવા અરજી કરેલ છે. જે બાબતે પુખ્ત વિચારણાનાં અંતે અને કર્મચારીઓને અન્યાય ન થાય તથા તેઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતાં પગાર ધોરણો નક્કી કરવા જરૂરી છે. તેથી પેટલાદ નગરપાલિકામાં ઉચ્ચક અને ફીકસ પગારથી ફરજ બજાવતાં કર્મચારીઓનાં પગાર ધોરણો નીચે મુજબ તા.૦૧/૦૯/૨૦૨૨ થી ચૂકવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

| ક્રમ | હોદ્દાની વિગત | હાલમાં ચૂકવવામાં આવતા પગારની રકમ | ચૂકવવા પાત્ર રકમ |
|---|---|---|---|
| ૧ | ૨૦૦ વાળા સફાઇ કામદાર | રૂા.૨૦૦/- પ્રતિ દિન | રૂા.૨૫૦/- પ્રતિ દિન |
| ૨ | ૨૫૦ વાળા કામદાર | રૂા.૨૫૦/- પ્રતિ દિન | રૂા.૩૦૦/- પ્રતિ દિન |
| ૩ | ૩૦૪ વાળા સ.કામદાર / કામદાર | રૂા.૩૦૪/- પ્રતિ દિન | રૂા.૩૫૦/- પ્રતિ દિન |
| ૪ | ૩૨૯ વાળા વેલ્ડર | રૂા.૩૨૯/- પ્રતિ દિન | રૂા.૩૫૦/- પ્રતિ દિન |
| ૫ | ૩૨૯ વાળા પટાવાળા | રૂા.૩૨૯/- પ્રતિ દિન | રૂા.૩૫૦/- પ્રતિ દિન |
| ૬ | ૧૫૦૦૦,૧૧૦૦૦, ૧૨૫૦૦, ૧૦૦૦૦, ૧૧૫૦૦,૧૩૫૦૦ નાં માસિક ઉચ્ચક પગારનાં સુપરવાઇઝર તથા અન્ય કર્મચારીઓ | રૂા.૧૫૦૦૦/- પ્રતિ માસ ઉચ્ચક થી રૂા.૧૧૦૦૦/- પ્રતિ માસ ઉચ્ચક | રૂા.૧૩૫૦૦/- પ્રતિ માસ ઉચ્ચક |
| | | રૂા.૯૫૦૦/- પ્રતિ માસ ઉચ્ચક | રૂા.૧૦,૫૦૦/- પ્રતિ માસ ઉચ્ચક |
| ૭ | ૩૦૦૦ માસિક ઉચ્ચક કામદાર | રૂા.૩૦૦૦/- પ્રતિ માસ ઉચ્ચક | રૂા.૫,૦૦૦/- પ્રતિ માસ ઉચ્ચક |
| ૮ | ૩૦૪.૨૦ નાં રોજમદારી દરનાં કર્મચારીઓ | રૂા.૩૦૪.૨૦ પ્રતિ દિન | રૂા.૩૫૦/- પ્રતિ દિન |
| ૯ | ૯૦૦૦ નાં ઉચ્ચક પગારનાં કામદાર | રૂા.૯૦૦૦/- પ્રતિ માસ ઉચ્ચક | રૂા.૧૦,૫૦૦/-પ્રતિ માસ ઉચ્ચક |
| ૧૦ | ૫૦૦૦ તથા ૫૨૦૦ નાં ઉચ્ચક પગારનાં કર્મચારીઓ | રૂા.૫૦૦૦/- પ્રતિ માસ ઉચ્ચક રૂા.૫૨૦૦ પ્રતિ માસ ઉચ્ચક | રૂા.૭૦૦૦/- પ્રતિ માસ ઉચ્ચક |
| ૧૧ | અલગ-અલગ ઉચ્ચક પગારનાં કલાર્ક, સુપરવાઇઝર, કોમ્પ્યુટર ઓપરેટર, | રૂા.૧૯૯૫૦/- પ્રતિ માસ ઉચ્ચક રૂા.૧૧૦૦૦/- પ્રતિ માસ ઉચ્ચક રૂા.૧૦૦૦૦/- પ્રતિ માસ ઉચ્ચક | રૂા.૧૩૫૦૦/- પ્રતિ માસ ઉચ્ચક |
| | | રૂા.૮૮૮૮/- પ્રતિ માસ ઉચ્ચક | રૂા.૧૦,૫૦૦/-પ્રતિ માસ ઉચ્ચક |
| | | રૂા.૫૯૪૦/- પ્રતિ માસ ઉચ્ચક | રૂા.૭,૦૦૦/- પ્રતિ માસ ઉચ્ચક |

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાbવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

આ ઉપરાંત ઉચ્ચક પગારથી સફાઇ કામદારની ફરજ બજાવતાં કુલ ૫૪ કર્મચારીઓનાં તેઓની માંગણીઓ બાબતે નામદાર હાઇકોર્ટમાં કેસ ચાલતો હોઇ નામદાર હાઇકોર્ટનાં નગરપાલિકા તરફે રોકવામાં આવેલ વકીલશ્રી સાથે પરામર્શ કરી જરૂરી અભિપ્રાય મેળવી પગારની રકમ અંગે યોગ્ય નિર્ણય કરવા માન.પ્રમુખશ્રીને આગામી સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૦) :** પેટલાદ નગરપાલિકામાં ટેમ્પી તથા ટ્રેકટર ડ્રાઇવર તરીકેની ફરજ બજાવતાં કર્મચારીઓએ સમાન કામ સમાન વેતન મુજબ રોજમદાર દરેક ડ્રાઇવરનો પગાર એક સરખો કરવા અંગે તેઓની આવેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૦ / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણ, શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં ટેમ્પી તથા ટ્રેકટર ડ્રાઇવર તરીકેની ફરજ બજાવતાં કર્મચારીઓએ સમાન કામ સમાન વેતન મુજબ રોજમદાર દરેક ડ્રાઇવરનો પગાર એક સરખો કરવા અંગે તેઓની આવેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં ડ્રાઇવર તરીકેની એક સરખી ફરજ બજાવતાં કર્મચારીઓને ચૂકવવામાં આવતાં પગારનાં દરમાં વિસંગતતા હોવાથી તેવા કર્મચારીઓએ સમાન કામ સમાન વેતન મુજબ એક સરખાં વેતન ચૂકવવા અરજી કરેલ છે. જે બાબતે પુખ્ત વિચારણાનાં અંતે અને કર્મચારીઓને અન્યાય ન થાય તથા તેઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતાં પગાર ધોરણો નક્કી કરવા જરૂરી છે. તેથી પેટલાદ નગરપાલિકામાં ઉચ્ચક અને અલગ-અલગ રોજીંદા દરથી ફરજ બજાવતાં ડ્રાઇવરોનાં પગાર ધોરણો નીચે મુજબ તા.૦૧/૦૯/૨૦૨૨ થી ચૂકવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

| ક્રમ | હોદ્દાની વિગત | હાલમાં ચૂકવવામાં આવતા પગારની રકમ | ચૂકવવા પાત્ર રકમ |
|---|---|---|---|
| ૧ | ૧૧૦૦૦, ૧૨૫૦૦, ૧૩૫૦૦ તથા ૧૫૦૦૦ નાં માસિક ઉચ્ચક પગાર | રૂા.૧૧,૦૦૦/-પ્રતિ માસ ઉચ્ચક | રૂા.૧૧,૦૦૦/-પ્રતિ માસ ઉચ્ચક |
| | | રૂા.૧૨,૫૦૦/-પ્રતિ માસ ઉચ્ચક | રૂા.૧૨,૫૦૦/-પ્રતિ માસ ઉચ્ચક |
| | | રૂા.૧૩,૫૦૦/-પ્રતિ માસ ઉચ્ચક | રૂા.૧૩,૫૦૦/-પ્રતિ માસ ઉચ્ચક |
| | | રૂા.૧૫,૦૦૦/-પ્રતિ માસ ઉચ્ચક | રૂા.૧૫,૦૦૦/-પ્રતિ માસ ઉચ્ચક |
| ૨ | ૩૦૦ અને ૩૨૯ વાળા ડ્રાઇવર | રૂા.૩૦૦/- પ્રતિ દિન | રૂા.૩૫૦/- પ્રતિ દિન |
| | | રૂા.૩૨૯/- પ્રતિ દિન | |

.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૧) :** પેટલાદની ટી.પી. સ્કીમ નં.૨ નાં ફાઇનલ પ્લોટ નં.૪૪/૧ વાળી જમીન પૈકી ૧૫૦૦ ચો.મી. ની જગ્યા પ્રજાપતિ સમાજ માટે

**ઠરાવ નં. ૪૧ / તા.૬/૮/૨૨**

સદર કામ ફેર વિચારણા માટે હાલ પૂરતુ મુલત્વી રાખવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાpવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૨) :** પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદાર તરીકેની કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારીઓએ તેઓની વિવિધ માંગણીઓ બાબતે કરેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૨ / તા.૬/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી જગ્નેશકુમાર એ. જોષી, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદાર તરીકેની કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારીઓએ તેઓની વિવિધ માંગણીઓ બાબતે કરેલ અરજી વંચાણમાં લીધી.સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં કાયમી સફાઇ કામદારની ફરજ બજાવતાં કર્મચારીઓએ તેઓની વિવિધ માંગણીઓવાળા પડતર પ્રશ્નોનો નિકાલ કરવા બાબતે અરજી કરેલ છે.જેમાં (૧) સાતમા પગાર પંચનું બાકી એરિયર્સની ચૂકવણી કરવા બાબત- સદર બાબતે નગરપાલિકામાં ઉપલબ્ધ ભંડોળને આધિન બે તબક્કામાં એરિયર્સની ૬૦% રકમની ચૂકવણી કરવામાં આવેલ છે. અને જેમ જેમ આર્થિક રીતે નગરપાલિકાનાં ભંડોળમાં રકમો ઉપલબ્ધ થાય તેમ તેમ ચૂકવણી કરવામાં આવનાર છે. (૨) હાઇકોર્ટનાં આદેશાનુસાર સાતમા પગારપંચમાં સમાવેશ કરવા બાબત- સદર બાબતે નામદાર હાઇકોર્ટનાં આવેલ ઓરલ ઓર્ડરમાં સાતમા પગારપંચનાં ધોરણો આપવા તેવો કોઇ સ્પષ્ટ ઉલ્લેખ નથી. અને નગરપાલિકાએ સરકારશ્રીનાં નીતિ નિયમોને આધિન આપી શકાય તેમ જણાવેલ છે. જેથી પેટલાદ નગરપાલિકાએ એ બાબતો ને ધ્યાને લઇ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૦૨ / તા.૨૪/૦૩/૨૦૨૨ થી સાતમા પગારપંચનાં નીતિ નિયમોનું પાલન કરવા નગરપાલિકાની હાલની મહેકમ ખર્ચની ટકાવારી ૪૮% કરતાં ઓછી થાય અને તેની મર્યાદાઓ જળવાય તો સાતમા પગારપંચનાં પગાર ધોરણોનો લાભ આપવા ઠરાવેલ છે.જેથી જયારે પણ આ મર્યાદાઓનું પાલન થાય ત્યારે સાતમા પગારપંચના પગાર ધોરણોનો લાભને પાત્ર થશે.(૩) યુનિફોર્મ, આઇકાર્ડ તથા સફાઇને લગતા આવશ્યક સાધનો આપવા બાબત તથા મુઠ્ઠા સાવરણીનાં ખાસ આપવા બાબત- સદર બાબતે યુનિફોર્મ આપવાની પ્રાથમિક કામગીરી પૂર્ણ થયેલ છે. અને માપ આપ્યેથી સિલાઇ થઇ તૈયાર થઇ આવ્યેથી તેઓને યુનિફોર્મ આપવામાં આવનાર છે. આઇકાર્ડ અંગે પણ દરેક કર્મચારીઓની માહિતી એકત્રિત કરવામાં આવેલ છે. આઇકાર્ડ તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં છે. જે પૂર્ણ થયેથી આઇકાર્ડ આપવામાં આવનાર છે. સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતાં મુઠ્ઠા , સાવરણી વિગેરે જેવા સાધનો ખરીદ કરી તેઓને આપવા અંગે કાર્યવાહી હાથ ધરેલ છે. જે ઉપલબ્ધ થયેથી તુરત જ દરેક સફાઇ કર્મચારીઓને આવા સાધનો પુરા પાડવામાં અવનાર છે.

આમ, પેટલાદ નગરપાલિકાનાં કાયમી સફાઇ કામદારો દ્વારા વિવિધ માંગણીઓ બાબતે કરેલ અરજીમાં જણાવેલ મહત્તમ માંગણીઓનો સ્વીકાર કરેલ છે. અને સાતમા પગાર પંચનાં પગાર ધોરણોનો લાભ આપવા માટેનાં સરકારશ્રીનાં નીતિ નિયમો વિરુધ્ધ કામર્યવાહી થઇ શકે તેમ ન હોઇ તે સિવાયની માંગણીઓનો સ્વીકાર કરી તે મુજબનું પાલન કરવા ઠરાવવામાં આવે છે. તે અંગે થનાર ખર્ચ મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૩) :** નામદાર કોર્ટ ઓફ કમિશ્નરશ્રી (દિવ્યાંગ વ્યકિતઓ માટેના), ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ હુકમ પરત્વે પેટલાદ નગરપાલિકાએ યોગ્ય નિર્ણય કરવા બાબત.

**ઠરાવ નં. ૪૩ / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી જીગ્નેશકુમાર એ. જોષી, શ્રી પ્રવિણભાઇ કે. પરમારના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

નામદાર કોર્ટ ઓફ કમિશ્નરશ્રી (દિવ્યાંગ વ્યકિતઓ માટેના), ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ હુકમ પરત્વે પેટલાદ નગરપાલિકાએ યોગ્ય નિર્ણય કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં કાયમી સફાઇ કામદાર તરીકેની ફરજ બજાવતાં શ્રી પ્રવિણકુમાર દલાભાઇ

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાpવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

જાદવનું તા.૨૬/૧૨/૨૦૨૦ નાં રોજ ચાલુ નોકરી દરમ્યાન અવસાન થયેલ છે. તેથી તેઓનાં વારસદાર શ્રી કિરણકુમાર પ્રવિણભાઇ જાદવ એ રહેમરાહે નોકરી મેળવવા તા.૦૮/૦૧/૨૦૨૧ નાં રોજ પેટલાદ નગરપાલિકામાં અરજી કરેલ હતી. સદર બાબતે સરકારશ્રીનાં સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧૭/૦૯/૨૦૨૧ નાં ઠરાવમાં સરકારશ્રી દ્વારા સફાઇ કામદાર માટેની નક્કી કરેલ વિકલાંગતા મુજબ અરજદારશ્રી યોગ્ય લાયકાતનાં પ્રમાણમાં આવતાં ન હોવાથી પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૦૩ / તા.૨૪/૦૩/૨૦૨૨ થી તેઓની અરજી નામંજુર કરી દફતરે કરવા ઠરાવવામાં આવેલ છે. આ અંગે અરજદારશ્રી દ્વારા નામ.કોર્ટ ઓફ કમિશ્નર (દિવ્યાંગ વ્યકિતઓ માટેના) ગુજરાત રાજય, ગાંધીનગર ખાતે કેસ નં.૮૬૨ / ૨૦૨૨ થી કેસ દાખલ કરવામાં આવતાં સદર નામદાર કોર્ટ દ્વારા હુકમ ક્રમાંક : કમિ. / લીગલ / ૨૦૨૨-૨૩ / ૨૧૮ તા.૩૦/૦૬/૨૦૨૨ થી હુકમ કરવામાં આવેલ છે કે, અરજદારશ્રીને ફકત દિવ્યાંગતાને કારણે નોકરી ન આપી અન્યાય કરેલ હોય તેમ જણાઇ આવતાં તેમની દિવ્યાંગતાને ધ્યાને લીધા વગર તેમને “THE RIGHT OF PERSONS WITH DISABILITES ACT-2016” મુજબ સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી રીતે જીવવાનો અધિકાર હોઇ તેમને પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદાર તરીકે નીતિ નિયમો અનુસાર રહેમરાહે નોકરી માટે જરૂરી કાર્યવાહી કરી નિમણૂંક આપી તેના આધાર પુરાવા દિન-૩૦ માં અત્રેની કોર્ટને રજૂ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

પરંતુ સરકારશ્રીનાં સફાઇ કામદારની ફરજ માટેનાં ધારાધોરણો અને થયેલ હુકમમાં વિસંગતતા જણાતાં આ અંગે વડી અદાલતમાં નગરપાલિકા તરફે દાદ માંગવા અને યોગ્ય નિર્ણય અર્થે નામદાર હાઇકોર્ટમાં નગરપાલિકાએ અપીલ દાખલ કરવા ઠરાવવામાં આવે છે. અને નગરપાલિકા તરફે બચાવ જવાબ રજૂ કરવા જરૂરી નામદાર હાઇકોર્ટનાં વકીલ શ્રી દિપકભાઇ સંચેલાને રોકવા ઠરાવવામાં આવે છે. અને આ અંગે થનાર ખર્ચ મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૪) :** પેટલાદ નગરપાલિકાનાં સફાઇ કામદારોની સરકારશ્રીનાં ધારાધોરણો અને નિયમાનુસાર ૫૦% મુજબની તેઓની ભરતી કરેલ કર્મચારીઓને નિમણૂંક આપવા બાબત

**ઠરાવ નં. ૪૪ / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષી, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં સફાઇ કામદારોની સરકારશ્રીનાં ધારાધોરણો અને નિયમાનુસાર ૫૦% મુજબની તેઓની ભરતી કરેલ કર્મચારીઓને નિમણૂંક આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની ખાલી રહેતી જગ્યાઓ પૈકી ૫૦% જગ્યાઓ ભરવા લેખિતમાં જણાવેલ હતું. તે આધારે પેટલાદ નગરપાલિકા દ્વારા જાહેર નિવિદા બહાર પાડી નિયમાનુસાર પ્રક્રિયા હાથ ધરી પેટલાદ નગરપાલિકાની હાલની ખાલી રહેતી સફાઇ કામદારની જગ્યાઓ પૈકી ૫૦% લેખે ભરવાપાત્ર થતી કુલ ૦૯ જગ્યાઓ તા.૦૫/૦૪/૨૦૨૨ નાં રોજ પસંદગી સમિતિની બેઠકમાં ઉમેદવારોની કક્ષાવાર પસંદગી કરી મંજુર કરેલ છે. જેને સરકારશ્રીનાં મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ, વડોદરા દ્વારા તેઓની કચેરીનાં પત્ર ક્રમાંકઃ પ્રા.ક. / મહેકમ / વશી / ૧૦૫૨ / ૨૦૨૨ તા.૨૯/૦૬/૨૦૨૨ થી બહાલી આપેલ છે. તે આધારે પસંદગી પામેલ સફાઇ કામદારોના પરિશિષ્ટ-અ મુજબનાં નીચે જણાવેલ ઉમેદવારોને સફાઇ કામદાર તરીકે સરકારશ્રીનાં ધારાધારેણો અનુસાર તા.૦૧/૦૯/૨૦૨૨ થી પાંચ વર્ષ માટેનાં નિયત થયેલ ફીકસ પગારથી નિમણૂંક આપવા ઠરાવવામાં આવે છે. અને પરિશિષ્ટ-બ મુજબની નીચે જણાવેલ ઉમેદવારોની પ્રતિક્ષાયાદીને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

પરિશિષ્ટ - અ :- પસંદગી પામેલ ઉમેદવારોની યાદી

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

| ક્રમ | પસંદગી પામેલ ઉમેદવારનું નામ | કક્ષાવાર (કેટેગરી) | મેરીટ મુજબ | કુલ માર્કસ | પસંદગીના ક્રમ |
|---|---|---|---|---|---|
| ૧ | જાદવ મહેશભાઇ પ્રવિણભાઇ | SC | GEN | ૩૫ | GEN-1(M) |
| ૨ | જાદવ મહેશભાઇ નરેન્દ્રભાઇ | SC | GEN | ૩૪ | GEN-2(M) |
| ૩ | જાદવ અનિલભાઇ તુલસીભાઇ | SC | GEN | ૩૩ | GEN-3(M) |
| ૪ | જાદવ જયાબેન ભગવાનભાઇ | SC | GEN | ૩૪ | GEN-4(F) |
| ૫ | પટેલ અલ્પાબેન વાસુદેવભાઇ | EWS | EWS | ૩૨ | EWS (F) |
| ૬ | બારોટ રવિકુમાર નરેશભાઇ | OBC | OBC | ૩૪ | OBC (M) |
| ૭ | રાણા જૈમીન રાજેશભાઇ | OBC | OBC | ૨૬ | OBC (M) |
| ૮ | જાદવ દીપકભાઇ તુલસીભાઇ | SC | SC | ૩૨ | SC (M) |
| ૯ | બરડા પંકજકુમાર ઇશ્વરભાઇ | ST | ST | ૨૮ | ST (M) |

પરિશિષ્ટ -બ :- પ્રતિક્ષા યાદી

| ક્રમ | પસંદગી પામેલ ઉમેદવારનું નામ | કક્ષાવાર (કેટેગરી) | મેરીટ મુજબ | કુલ માર્કસ | પસંદગીના ક્રમ |
|---|---|---|---|---|---|
| ૧ | જાદવ ભાવેશભાઇ પ્રવિણભાઇ | SC | GEN | ૨૭ | GEN-1(M) |
| ૨ | જાદવ હંસાબેન સંજયભાઇ | SC | GEN | ૨૪ | GEN-2(F) |

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૫) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સ્પોર્ટસ કોમ્પ્લેકસ બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૫ / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી જય બી. પટેલ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સ્પોર્ટસ કોમ્પ્લેકસ બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ શહેરમાં રમત-ગમત માટે નગરપાલિકા હસ્તકનું ખુલ્લુ ગ્રાઉન્ડ છે. પરંતુ વિવિધ ઇન્ડોર ગેમ્સ માટે કોઇ કોમ્પ્લેક્ષ નથી. તેથી પેટલાદ નગરપાલિકા દ્વારા આવુ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવવામાં આવે તેવી રજૂઆત પેટલાદ નગરપાલિકાનાં વર્તમાન બોર્ડનાં સભ્ય તથા યુવા સાંસ્કૃતિક અને રમત ગમત સમિતિનાં ચેરમેનશ્રી દ્વારા કરવામાં આવેલ છે. તેથી પુખ્ત વિચારણાનાં અંતે સરકારશ્રી દ્વારા પણ રમતગમત ક્ષેત્રે રમતવીરોને પ્રોત્સાહન આપવામાં આવે છે. તેથી આ બાબતે સરકારશ્રીમાં રજૂઆત કરી ખાસ કિસ્સામાં ગ્રાન્ટ ફાળવવામાં આવે તો આ ફાળવવામાં આવનાર ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હસ્તકનાં સ્ટેડિયમવાળી જગ્યામાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૬) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ પૌરાણિક વાવો નું જરૂરી મરામત કરાવવા અને જાળવણી અર્થે પુરાતત્વ વિભાગમાં દરખાસ્ત કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૬ / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ પૌરાણિક વાવો નું જરૂરી મરામત કરાવવા અને જાળવણી અર્થે પુરાતત્વ વિભાગમાં દરખાસ્ત કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમા લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ શહેર એક પૌરાણિક શહેર તરીકે જાણીતુ છે. અને તેમાં કેટલાંક સ્થળો ઐતિહાસિક સ્થળ પણ છે. જેમાં ખોડિયાર માતાની વાવ, કિશોર પારેખની વાવ, સિકોતરમાતાની વાવ, કાળકા માતાનાં મંદિર પાસેનો કુંડ વિગેરે જેવા સ્થળો આવેલ છે. જેનાં મરામત અને સફાઇ અંગે વારંવાર રજૂઆતો આવે છે. તેથી તેની સફાઇ નગરપાલિકા દ્વારા વખતો વખત કરાવવામાં આવે છે. પરંતુ જો કાયમી ધોરણે તેની નિભાવણી કરવામાં આવે તે યોગ્ય છે. તેથી આ કામગીરી માટે સરકારશ્રીનાં પુરાતત્વ વિભાગને દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૭) :** સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને એસ.સી. અને ટી.એ.એસ.પી. સદર હેઠળની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલમાં કંપાઉન્ડ વોલ બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૭ / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને એસ.સી. અને ટી.એ.એસ.પી. સદર હેઠળની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલમાં કંપાઉન્ડ વોલ બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીના ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / SJMMSVY (UDP-88)/ શ્રી.ત. / ૨૦૨૧-૨૨ /ન.પા.-આં.મા.વિ. / આ.હ. / ૨૦૨૧ / ૨૦૩૨૦ તા.૨૦/૧૨/૨૦૨૧ થી પેટલાદ નગરપાલિકાને યુડીપી-૮૮ હેઠળની સને ૨૦૨૧-૨૨ ની રૂા.૩.૦૦ કરોડની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. જેમાં સામાન્ય સદરનાં રૂા.૧.૮૪ કરોડ, એસ.સી.એસ.પી. સદરનાં રૂા.૦.૬૨ કરોડ તથા ટી.એ.એસ.પી. સદરનાં રૂા.૦.૫૪ કરોડ ની ફાળવણી કરેલ છે.આ ગ્રાન્ટની ફાળવેલ રકમમાંથી સામાન્ય સદરનાં રૂા.૦.૫૭ કરોડનાં તથા એસ.સી.એસ.પી. સદરનાં રૂા.૦.૪૨ કરોડનાં કામોની વહીવટી મંજુરી મળેલ છે. ઉપરાંત અગાઉનાં વર્ષોની બચત રકમમાંથી નક્કી કરેલ પરમાણિયા તળાવનાં ડેવલોપમેન્ટનાં કામોમાં ખુટતી રકમ રૂા.૦.૩૫ કરોડ નાં કામો આ ગ્રાન્ટમાંથી દરખાસ્ત કરેલ છે. તેથી બાકી રહેતાં સામાન્ય સદરનાં રૂા.૦.૯૨ કરોડ, એસ.સી.એસ.પી. સદરનાં રૂા.૦.૧૯ કરોડ તથા ટી.એ.એસ.પી. સદરનાં રૂા.૦.૫૪ કરોડનાં કામો નક્કી કરવાનાં થાય છે. સદર ફાળવેલ ગ્રાન્ટની ટી.એ.એસ.પી.સદરની રકમમાંથી પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલમાં ધોબીકુંડ તરફની કંપાઉન્ડ વોલ બનાવવા, ઓફિસની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં શેડ સાથે બ્લોક પેવિંગ કરાવવું, સ્ટાફરૂમમાં અને વર્ગખંડમાં સીસીટીવી કેમેરા સીસ્ટમ લગાવવા, માઇક સીસ્ટમ લગાવવા, સ્ટાફ તથા વર્ગખંડ માટે ખુરશી ટેબલ, બ્લેક બોર્ડ ખરીદ કરવા, બોર્ડ પાસે સ્ટેજ બનાવવા જેવા કામો નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનાં શાળાનાં ભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે.આ અંગે આગળની આનુસાંગિક નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૮) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કુબેર રેસીડન્સી-૧ તથા ૨ નાં સોસાયટીનાં આંતરિક રસ્તાઓ પેટલાદ નગરપાલિકાને જાહેર માર્ગ તરીકે સોંપણી કરવા અંગે આવેલ

રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૮ / તા.૬/૮/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કુબેર રેસીડન્સી-૧ તથા ૨ નાં સોસાયટીનાં આંતરિક રસ્તાઓ પેટલાદ નગરપાલિકાને જાહેર માર્ગ તરીકે સોંપણી કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં નડિયાદ-ખંભાત રોડ પર માગલિક પાર્ટી પ્લોટનાં પાછળનાં ભાગે રેવન્યુ સર્વે નં.૧૬૧ પૈકી ૧ તથા ૧૬૧/ પૈકી ૨ માં આવેલ અનુક્રમે કુબેર રેસીડન્સી - ૧ અને ૨ ની સોસાયટીઓનાં કામ સાથે સામેલ નકશામાં દર્શાવેલ રસ્તાઓ પેટલાદ નગરપાલિકાને સોંપવા અંગે સોસાયટીનાં ઓર્ગેનાઇઝર શ્રી દિલીપભાઇ ગોરધનભાઇ પટેલ એ અરજી કરેલ છે. સદર આવેલ અરજીનાં અનુસંધાને પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર માંગલિક પાર્ટી પ્લોટનાં પાછળનાં ભાગે આવેલ રેવન્યુ સર્વે નં૧૬૧/પૈકી ૧ અને ૧૬૧/ પૈકી માં આવેલ કુબેર રેસીડન્સી -૧ અને ૨ વાળી સોસાયટીઓનાં કામ સાથે સામેલ નકશામાં દર્શાવેલ સોસાયટીઓનાં આંરતરિક રસ્તાઓ પેટલાદ નગરપાલિકાનાં જાહેર માર્ગો તરીકે સ્વીકારવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ.વિ. કામ (૨) નં.** : મ્યુનિ. સભ્ય શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલ,શ્રી આરીફખાન જે. પઠાણ તથા શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજીનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૯ / તા.૬/૮/૨૨**

સર્વાનુમતે ઠરાવ કર્યો કે,મ્યુનિ. સભ્ય શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલ,શ્રી આરીફખાન જે. પઠાણ તથા શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજીનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લેતાં તેને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

ઉપર જણાવ્યા મુજબનાં કામો પૂર્ણ કરી તે સિવાય અન્ય કોઇ કામ ન હોવાથી અધ્યક્ષશ્રીએ આજની સભામાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓનો આભાર માની આજની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયા અંગેની જાહેરાત કરી.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.

૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.